| | |
|---|---|
| PUBLICATION NAME : | Gujarat Pranam |
| EDITION : | Ahmedabad |
| DATE : | 12/06/2022 |
| PAGE : | 02 |

### ઈડીઆઈઆઈએ ૨૧મો પદવીદાન સમારોહ યોજ્યો

# ઉત્તર પ્રદેશના માનનીય રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં



અમદાવાદ, ૧૦ જૂન, ૨૦૨૨: દેશમાં ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ શુક્રવારે તેના વિશાળ કેમ્પસમાં ૨૧માં પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કર્યું હતું. તેમાં કુલ ૧૪૭ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો એનાયત કરાયા હતાં, જેમાં ૧૩૯ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને મેનેજમેન્ટમાં ૮ વિદ્યાર્થીઓને ફેલો સામેલ હતાં. આ પ્રસંગે ઉત્તાર પ્રદેશના માનનીય રાજ્યપાલ અને ગુજરાતના ભુતપૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં તથા તેમણે પદવીદાન સમારોહને સંબોધન કર્યું હતું. માનનીય રાજ્યપાલે ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને સ્કોલોસ્ટિક મેડલ્સ પણ એનાયત કર્યાં હતાં.

ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તથા આઈડીબીઆઈ બેંક લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી રાકેશ શર્માએ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ માનનીય રાજયપાલનું સ્વાગત કર્યું હતું તેમજ ગુજરાત અને ઉત્તાર પ્રદેશમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિત વિવિધ ટાર્ગેટ ગ્રૂપ વચ્ચે ઉદ્યોગસાહસિકતાને મજબૂત કરવા ઈડીઆઈઆઈએ હાથ ધરેલી કેટલીક પ્રવૃત્તિઓ હાઈલાઈટ કરી હતી.

શ્રીમતી આનંદીબેન પટેલે પદવીદાન સમારોહમાં તેમના પ્રેરણાદાયી વક્તવ્યમાં કહ્યું હતું કે, “મને આનંદ છે કે એક સમાજ તરીકે આપણે ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના બીજા વિકલ્પોના સમકક્ષ મૂકવા કેન્દ્રિત પ્રયાસો હાથ ધર્યાં છે. ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના એક સ્વાભાવિક વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરવાની જરૂર છે અને તેને શિક્ષણનો એક હિસ્સો બનવો જોઈએ કે જ્યાં વિદ્યાર્થીઓ નાની ઉંમરેથી જ સફળતાના ગુણો અને મૂલ્યો ગ્રહણ કરે, જેના થકીતેઓ ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના સ્વભાવિક વિકલ્પ તરીકે પસંદ કરવા પ્રેરાય.” ઉદ્યોગસાહસિકતા માટેના આજના સાનુકૂળ માહોલ વિશે વાત કરતાં માનનીય રાજ્યપાલે ઉમેર્યું હતું કે, “ભારત તેની વૃદ્ધિમાં ઉદ્યોગસાહસિકોના મહત્વને સમજે છે અને તેને પ્રોત્સાહન આપે છે. આ માટે દેશમાં સક્રિય પગલાં, અનુકૂળ નીતિઓ અને સહયોગી વાતાવરણ તૈયાર કરાયું છે. લખનઉમાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે હું યુવાનોને ઈનોવેશન, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સના મહત્વથી પરિચિત કરાવવાનો પ્રયાસ કરી રહી છું કારણકે આ ક્ષેત્રો દેશનું ભવિષ્ય છે.” ઈન્સ્ટિટ્યૂટના આધુનિક પ્રોગ્રામને હાઈલાઈટ કરતાં માનનીય રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે, “ઈડીઆઈઆઈનો અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિઓ સમકાલીન છે તથા તેના ૭૮ ટકા ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ બિઝનેસમાં હાંસલ કરેલી સફળતામા તે પ્રદર્શિત થાય છે. ઈડીઆઈઆઈમાં પ્રશિક્ષિત કેટલાંક ઉદ્યોગસાહસિકોએ પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ્સ ઉપર એવોર્ડ મેળવ્યાં છે.”

ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તથા આઈડીબીઆઈ બેંકના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી રાકેશ શર્માએ તેમના સ્વાગત પ્રવચનમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના ઈન્સ્ટિટ્યૂટના પ્રયાસો ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે, “ઈડીઆઈઆઈ ઈનોવેટિવ મોડલ્સ દ્વારા વિવિધ સેગમેન્ટ્સ અને સેક્ટર્સમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેની માટે ઈન્સ્ટિટ્યૂટ ઉભરતાં ઉદ્યોગસાહસિકો, વર્તમાન ઉદ્યોગસાહસિકો, ઈક્યુબેશન સેન્ટર્સ, વેન્ચર કેપિટાલિસ્ટ્સ અને નીતિ ઘડવૈયાઓ જેવાં હીતધારકો વચ્ચે રચનાત્મક સંકલન પણ કરી રહ્યું છે.”